# છત્તીસગઢમાં માઓવાદીઓના હુમલામાં ૨૦ જવાનો શહીદ

રાયપુર,તા.૧૧

લોકસભાની ચૂંટણી પહેલા મોટા હુમલા તરીકે માઓવાદીઓએ શક્તિશાળી બ્લાસ્ટ કર્યો હતો અને અંધાધૂંધ ગોળીબાર પણ કર્યો હતો. છત્તીસગઢના આદિવાસી બસ્તર પ્રદેશમાં સુકમા જિલ્લામાં સીઆરપીએફના કાફલા ઉપર માઓવાદીઓએ ભીષણ હુમલો કર્યો હતો. આ હુમલામાં કુલ ૨૦થી વધુ લોકોના મોત થયા છે જેમાં સીઆરપીએફના ૧૧ જવાનોનો પણ સમાવેશ થાય છે. એમ માનવામાં આવે છે કે, સીઆરપીએફની ટુકડીમાં ૫૦થી પણ વધુ જવાનો હતો એજ વેળા આ હુમલો કરવામાં આવ્યો હતો. સીઆરપીએફની ટુકડી પર હુમલો કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. આદિવાસી બસ્તર પટ્ટાને માઓવાદીઓના મુખ્ય ગઢ તરીકે ગણવામાં આવે છે. એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ઈન્ટેલીજન્સ) મુકેશ ગુપ્તાએ કહ્યું હતું કે, સીઆરપીએફના ૧૧ જવાન સહિત કુલ ૧૬ લોકોના મોત થયા છે.



જો કે, બિનસત્તાવારરીતે મોતનો આંકડો ૨૦ આપવામાં આવ્યો છે. બંડખોરો દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ડિસ્ટ્રીક્ટ ફોર્સના ચાર જવાનો પણ માર્યા ગયા હતા. આ ઉપરાંત એક નાગરિકનું પણ મોત થયું છે. મળેલી માહિતી મુજબ આ ભીષણ હુમલો જીરામ ઘાટી નજીકના વિસ્તાર તોંગપાલ નજીક કરવામાં આવ્યો હતો. અહીં માઓવાદીઓએ ગયા વર્ષે ૨૫મી મેના દિવસે ભીષણ હુમલો કર્યો હતો જેમાં કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓના મોત થયા હતા. આ હુમલામાં ૨૫થી વધુ નેતાઓ માર્યા ગયા હતા જેમાં રાજ્ય કોંગ્રેસના પ્રમુખ નંદકુમાર પટેલ, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન પીસી શુક્લા, વરિષ્ઠ આદિવાસી નેતા મહેન્દ્ર કર્માનો સમાવેશ થાય છે. આજે કરવામાં આવેલા હુમલા બાદ ૧૬ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. અન્ય ચાર જવાનોની ભાળ મળી નથી. પોલીસે કહ્યું છે કે, આ હુમલામાં ઘાયલ થયેલા અન્ય ૧૦ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હુમલો કરવામાં આવ્યા બાદ તરત જ બચાવ અને રાહત કામગીરીમાં હેલિકોપ્ટરની સેવા લેવામાં આવી હતી. મુખ્યમંત્રી રમણસિંહે દિલ્હીની મુલાકાત ટુંકાવી દીધી હતી અને રાજ્યના પાટનગરમાં તરત પરત ફર્યા હતા. પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે તાત્કાલિક ધોરણે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. છત્તીસગઢને સૌથી વધારે માઓવાદીગ્રસ્ત વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. માઓવાદી હિંસાને રોકવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં માઓવાદીઓ વારંવાર તેમની હાજરી પુરવાર કરવા આ પ્રકારના ભીષણ હુમલા કરે છે અને મોટી ખુવારી પહોંચાડે છે. માઓવાદીઓએ ફરી એકવાર આ હુમલો કરીને લોકસભાની ચૂંટણી પહેલા ચૂંટણી પંચ અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ઉંઘ હરામ કરી દીધી છે. મતદારોમાં પણ આના કારણે દહેશત ફેલાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

## ભાજપ એકલા હાથે ૩૦૦ બેઠકો જીતી શકશે : રાજનાથ

ઈંદોર,તા.૧૧

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા દિનપ્રતિદિન સતત વધી રહી છે તેવો દાવો કરીને પક્ષના પ્રમુખ રાજનાથસિંહે અંદાજ મૂક્યો છે કે ભાજપ પોતાની તાકાત ઉપર લોકસભાની ચૂંટણીમાં ૩૦૦થી ફણ વધારે બેઠક જીતી શકે છે. સિંહે દશેરા મેદાન પર પક્ષના કાર્યકરોના સંસદીય સંમેલનમાં કહ્યું હતું કે જ્યારે તેઓએ ભાજપના કાર્યકરોનું ૨૭૨ લોકસભા બેઠકોનો જાદુઈ આંકડો હાંસલ કરવા માટે કામમાં લાગી જવા માટે કહ્યું હતું ત્યારે આ લક્ષ્ય વધારે મુશ્કેલરૂપ હોવાની વાત લાગતી હતી પરંતુ મોદી પ્રત્યે દેશમાં ઉમંગ, ઉત્સાહ અને વિશ્વાસના વાતાવરણને જોતા એવું લાગે છે કે આગામી લોકસભા ચૂંટણીમાં બેઠકોની સંખ્યા ૩૦૦થી ઉપર પહોંચી જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે કોંગ્રેસના ભારત ભ્રમણના દાવા આધાર વગરના છે. મોદીનો બચાવ કરતા કહ્યું હતું કે સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કોઈ રાજનેતા ઉપર આટલા પ્રહાર કરવામાં આવ્યા હોય તેવું દેખાતું નથી. મોદીની કસોટી કરવામાં આવી રહી છે. કોઈ મોટું કામ મોદી પાસેથી ભગવાન પણ કરાવવા માગે છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને અન્ય ઘણા ભાગોમાં હાલમાં કમૌસમી વરસાદથી હાલત કફોડી બનેલી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર સાડા પાંચ લાખ કરોડનું કૌભાંડ કરી શકે છે ત્યારે મધ્ય પ્રદેશના ખેડૂતને ૫૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ આપી શકતું નથી. રાજનાથ સિંહે જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી.

## કોલસા ફાળવણી પોલીસીની ચકાસણી કરાશે નહીં : CBI

નવી દિલ્હી,તા.૧૧

સીબીઆઈના ડિરેક્ટર રણજીત સિંહાએ સ્પષ્ટતા કરી છે કે કોલસા બ્લોક ફાળવણીના મામલામાં તપાસ સંસ્થા સરકારી પોલીસીની ખામીઓને વિશેષતા અંગે કોઈ વાત કરશે નહીં. કોલસા ફાળવણી સાથે સંબંધિત પોલીસીમાં સીબીઆઈ તપાસ કરશે નહીં. આ કેસમાં પ્રથમ ચાર્જશીટ સોમવારના દિવસે દાખલ કરવામાં આવી હતી. આમા ભ્રષ્ટાચારનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આવનાર દિવસોમાં આ કેસમાં સીબીઆઈ અન્ય ઘણી ચાર્જશીટ દાખલ કરશે. કોલસા કૌભાંડની પ્રથમ ચાર્જશીટમાં કોઈ પણ સરકારી અધિકારીને અપરાધી બનાવવામાં આવ્યા નથી. ભ્રષ્ટાચારના આક્ષેપો પણ મૂકવામાં આવ્યા નથી. જેના ઉપર આઈપીસી કલમ હેઠળ છેતરપિંડી અને અપરાધી કાવતરાના આરોપ છે તેમાં હેદરાબાદથી પ્રાઈવેટ કંપની નવભારત પાવર પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટર પી ત્રિવીક્રમા પ્રસાદ અને વાય હરિશચંદ્ર પ્રસાદનો સમાવેશ થાય છે. સૈનાએ એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યું છે કે આ મામલામાં અમે સરકારની પોલીસી ઉપર ટિપ્પણી કરીશું નહીં. કોઈપણ સરકારી અધિકારી ઉપર આરોપ મૂકવામાં આવ્યા નથી જેતી આક્ષેપ મૂકવાની બાબત યોગ્ય નથી. સરકારી અધિકારીઓની ભૂમિકામાં તપાસ ચાલી રહી છે. આમા સમય લાગશે. આ મામલામાં અંતિમ ચાર્જશીટ નથી. સીબીઆઈ છેલ્લા ૧૮ મહિનાથી આ કેસમાં તપાસ કરી રહી છે. આ સંબંધમાં એફઆઈઆર ૩ સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે દાખલ કરવામાં આવી હતી. આમા જણાવવામાં આવ્યું છે કે કંપનીના અધિકારીઓ સરકાર પાસેથી કોલસા બ્લોક મેળવવા માટે કોલસા મંત્રાલયના અધિકારીઓ સાથે મળીને કાવતરા ઘડી કાઢ્યા હતા. સીબીઆઈએ જાણી જોઈને સરકારી પોલીસી ઉપર પ્રશ્નો નહીં ઉઠાવવાનો નિર્ણય કર્યો છે. પોલીસીને લઈને કોઈ વિખવાદ નથી. સીબીઆઈએ કોલસા કૌભાંડ સાથે સંકળાયેલી એફઆઈઆરમાં ચકાસણીની ક્રિયા ઝડપી બનાવી છે. યુપીએ સરકાર ઈચ્છે છે કે તેમની સત્તા જતી રહેશે તે પહેલા તમામ કેસ ફાઈનલ થઈ જવા જોઈએ. આ બાબતને ધ્યાનમાં લઈને આ કામ કરવામાં આવી રહ્યું છે. સીબીઆઈ હિંદાલ્કોના ચેરમેન કુમાર મંગલમ બિરલા અને ભૂતપૂર્વ કોલસા સેક્રેટરી પીસી પારેખ સામે કેસને બંધ કરી શકે છે.

## અમારુ કામ નમો નમો કરવાનું નથી: ભાગવત

બેંગ્લોર,તા.૧૧



આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું છે કે આરએસએસ દ્વારા પોતાના કામોને આગળ વધારવામાં આવશે. નમો નમો કરવાનું કામ તેમનું નથી. સંઘ પોતાની મર્યાદાને પાર કરશે નહીં. ભાજપ માટે કામ કરતી વેળા તે પોતાની હદમાં રહેશે. કોઈપણ વ્યક્તિ આધારિત પ્રચારથી દૂર રહેશે. ભાગવતે કહ્યું છે કે અમે રાજકારણમાં નથી. અમારું કામ નમો નમો કરવાનું નથી. અમારા લક્ષ્ય માટે અમને કામ કરવું જોઈએ. ભાગવતના નિવેદન ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં ભાગવતે આ મુજબની અપીલ કરી છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહ અને સંઘમાંથી ભાજપમાં આવેલા રામલાલ પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા.

## ચૂંટાશે તો દોષિત ઉમેદવાર લોકસભા સીટ ગુમાવી દેશે

નવી દિલ્હી,તા.૧૧

સાંસદો અને ધારાસભ્યો સામે ફોજદારી કેસોના નિકાલ લાવવા નીચલી અદાલત માટે એક વર્ષની મહેતલ સુપ્રીમ કોર્ટે નક્કી કર્યા બાદ આના કારણે શ્રેણીબદ્ધ રાજકારણીઓના રાજકીય ભાવિ ઉપર માટી અસર થશે. જો ચૂંટાઈ આવશે તો પણ મે ૨૦૧૫ સુધી આ અપરાધીઓને તેમની લોકસભા બેઠકો ગુમાવવાની ફરજ પડી શકે છે. ૫૪૩ વર્તમાન સંસદ સભ્યો પૈકી ૧૬૨ સંસદ સભ્યો અથવા તો ૩૦ ટકા સંસદ સભ્યોની સામે ફોજદારી કેસો રહેલા છે જે પૈકી ૭૬ અથવા તો તમામ સાંસદો પૈકી ૧૪ ટકા સાંસદો હત્યા, અપહરણ અને ખંડણી સહિત ગંભીર પ્રકારના અપરાધોનો સામનો કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, દિલ્હી અને ઝારખંડ વિધાનસભામાં આશરે અડધા સભ્યોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કારણ કે તેમના ધારાસભ્યો પૈકી ૩૦ ટકા ધારાસભ્યો અપરાધીઓનો સામનો કરી રહ્યા છે. ગુનેગારી અને ભ્રષ્ટાચારી કેસો જેમની સામે રહેલા છે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડશે. લોકસભાની ચૂંટણીમાં જો આ સભ્યો જીતી જશે તો પણ બે વર્ષથી વધુની સજા અને અપરાધી ઠેરવવાની સ્થિતિમાં આગામી વર્ષે મે સુધી તેમની મેમ્બરશીપ ગુમાવવાની ફરજ પડી શકે છે. આશરે ૭૦ ઉમેદવારો ફેર ચૂંટાઈ શકે તેવી સ્થિતિ રહેલી છે. આ લોકોને પણ હવે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ૨૦૦૯માં દાખલ કરવામાં આવેલી એફીડેવીટ ઉપર આધારિત એસોશીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ (એડીઆર) દ્વારા કરવામાં આવેલા નિરીક્ષણમાં જાણવા મળ્યું છે કે ૨૦૦૯માં ફેર ચૂંટાઈ આવેલા ઉમેદવારો પૈકી ૩૪ સામે ૨૨૪ ફોજદારી કેસો હતા જે પૈકી ૨૯ ટકા સભ્યો ગંભીર અપરાધોનો સામનો કરી રહ્યા છે. આમા શિવસેનાના ૧૪ ઉમેદવાર પૈકી ૧૨ અથવા તો ૮૬ ટકા ઉમેદવાર સામે ફોજદારી કેસો રહેલા છે. ભાજપના ૩૨ પૈકી ૧૩ સામે આવા કેસ રહેલા છે. એનસીપીના ૧૩ પૈકી ૮ અને અન્ના દ્રમુકના ૭ ઉમેદવારો સામે ફોજદારી કેસ રહેલા છે.

## સેંસેક્સ ૨૪૦૦૦ની સપાટી હાંસલ કરશે

મુંબઈ,તા.૧૧

શેરબજારમાં આજે ચોક્કસપણે મંદી રહી હતી અને પ્રોફીટ બુકિંગની સ્થિતિ રહી હતી પરંતુ બજાર સાથે સંકળાયેલા નિષ્ણાતોનું કહેવું છે કે, સેંસેક્સ ૨૪૦૦૦ હજારની સપાટી ઉપર પહોંચશે. આનો સીધો મતલબ એ થયો કે, આવનાર દિવસોમાં ચૂંટણી પહેલા બજારમાં જોરદાર તેજી રહી શકે છે. બીજી બાજુ અમેરિકી ડોલર સામે રૂપિયો ૫૯ની સપાટીએ પહોંચી શકે છે. મોટાભાગના બ્રોકરો અને કારોબારીઓનું કહેવું છે કે, આ પ્રકારના મુલ્યાંકન બિલકુલ વાજબી દેખાઈ રહ્યા છે. સેંસેક્સમાં ઉગ્ર તેજી નોંધાઈ શકે છે. સેંસેક્સ માર્ચ ૨૦૧૫ અથવા વર્ષ ૨૦૧૪ના અંત સુધી ૨૪૦૦૦ની સપાટીને સ્પર્શ કરી શકે છે. બજારમાં તેજી માટેના ઘણા પરિબળો રહેલા છે. થોડાક દિવસ પહેલા જ ડોઈસ્ટ બેંક દ્વારા આગાહી કરવામાં આવી હતી કે ૩૦ શેર



સેંસેક્સ ૨૪૦૦૦ની સપાટીએ પાર કરી દેશે. ડિસેમ્બરના અંત સુધીમાં સેંસેક્સ ૨૪૦૦૦ સુધી પહોંચી જશે. આગામી ચૂંટણીમાં જો પરિણામ ખુબ સારા રહેશે તો સેંસેક્સ આનાથી પણ ઉંચે પહોંચી શકે છે. હાલમાં એનડીએના શાસનની શક્યતા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં કારોબારીઓ પણ પૈસા ઠાલવી રહ્યા છે. જ્યાં સુધી ડોલર સામે રૂપિયાની વાત છે બ્રોકરો માને છે કે, ટુંકાગાળામાં અમેરિકી ડોલર સામે રૂપિયો ૫૯ની સપાટીએ પહોંચી શકે છે. આજે બારક્લે દ્વારા એક મહિનાની ડોલર-રૂપિયાની આગાહી ઘટાડીને ૫૯ કરી હતી. એક્સીસ બેંકના સોગઠા ભટ્ટાચાર્ય આ ફેરફારના અભિપ્રાય સાથે સહમત છે. સેંસેક્સે હાલમાં ૨૨૦૦૦ની સપાટી કુદાવી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારો દ્વારા મોટાપાયે રોકામ કરવામાં આવી રહ્યું છે. ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ૧૨૫૩.૬૫ કરોડની કિંમતના શેર ખરીદ્યા હતા. શુક્રવારે તેઓએ ૨૫૭૭ કરોડની કિંમતના શેરની ખરીદી કરી હતી.

## સમાચાર ઝલક

- રેલ્વે અને રણના પ્રશ્નો નાના રણનાં બે લાખ મતદારો કરશે મતદાનનો બહિષ્કાર.
- મોરબીમાં એક માસમાં આઠ બાળકોનાં અપહરણનો પ્રયાસ.
- બ્રાઝિલ ફુટબોલ વર્લ્ડકપનું આયોજન કરશે.
- સલમાનખાન આ વર્ષે લુલિયા સાથે લગ્ન કરે તેવી ચર્ચા.
- રાજકોટમાં તસ્કરોનો હાહાકાર, ધોળે દિવસે ત્રણ જગ્યાએ રૂા. ૫૫ લાખનો હાથ માર્યો.
- માર્કેટમાં પાછી ફરી ઝીરો પર્સન્ટ વ્યાજની સ્કીમે વેગ પકડ્યો.
- સમાચારને દાબી દેવાની પ્રવૃત્તિ પર લગામ જરૂરી : પ્રણવ મુખરજી.
- ૬૦% મહિલાઓ પોતાના કેરિયરને અધવચ્ચે જ છોડી દેતી હોય છે : નિષ્ણાંતોનો મત.
- રાજકારણને દૂરથી પ્રણામ : રજનીકાન્ત.
- તા.૧લી એપ્રિલથી કુદરતી ગેસનાં ભાવ વધી જશે.
- ચૂંટણી ખર્ચમાં ભારતની અમેરિકાને ટક્કર, અર્થતંત્ર દોડતું થશે.
- કેજરીવાલ એપ્રિલમાં ફરી ગુજરાતની મુલાકાતે.
- આધારકાર્ડ યોજના બંધ થતાં દેશભરમાં રાંધણગેસનું બુકીંગ - ડીલીવરી ઠપ્પ.
- હરિયાણા-ગુજરાતમાં ઉદ્યોગો માટે સાનુકૂળ વાતાવરણ.
- હવે બુકીઓએ શરૂ કર્યું સટ્ટા એક્ષચેન્જ.
- મુંબઇમાં સસરા માટે વહુ એ માનતા રાખીને વાળ ઉતરાવ્યા.
- ટી.વી. મુલાકાતમાં કેજરીવાલ અને એક જાણીતી ચેનલનાં પત્રકાર વચ્ચે સેટીંગનો વિડીયો વાઇરલ લીક થયો.
- હવે ધુળેટીનો તહેવાર સ્પેશ્યલ બનવા લાગ્યો છે, પાર્ટી-પ્લોટો, ફાર્મ હાઉસમાં રંગ રમવાનો, લંચનો ક્રેઝ.
- એર ઇન્ડિયાનાં શિકાગો જતાં વિમાનમાં તિરાડ, ઇમરજન્સી લેન્ડીંગ.
- રાષ્ટ્રધ્વજના અપમાન બદલ ઐશ્વર્યા-અભિષેક સામે કાનૂની કાર્યવાહી કરવા કેન્દ્રની સૂચના.
- ડાયાબિટીસ-બીપી સહિતના રોગ સંદર્ભમાં મેડીકલેઇમ મંજૂર થશે. વીમા કંપનીઓએ સ્વીકાર્યું.
- કાયદેસરની રોકડ લઇ જવા માટે કોઇ મર્યાદા નથી : ચૂંટણીપંચ.
- ચૂંટણી પ્રચાર - પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી કરશે.
- હવે એન્ટી-બાયોટીક-સીરપ મેળવવા ડોક્ટરનું પ્રિસ્ક્રીપ્શન ફરજિયાત.
- તબીબો પણ તણાવનો ભોગ બને છે : પૂ. શિવકૃપાનંદજી

## રાજ ઠાકરેના સંદર્ભે વલણ સ્પષ્ટ કરવા ઉદ્ધવની ભાજપને અપીલ

નવી દિલ્હી,તા.૧૧

રાજ ઠાકરેના મામલે બે દશક જુના શિવસેના સાથેના ગઠબંધન પર સંકટના વાદળ ઘેરાઈ ગયા બાદ ભાજપે મહારાષ્ટ્રમાં ડેમેજ કન્ટ્રોલ કવાયત હાથ ધરી છે. શિવસેના હાલમાં ખુબ નારાજ છે. શિવસેનાએ હવે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના મામલે વલણ સ્પષ્ટ કરવા ભાજપને સૂચના આપી છે. મામલો એટલો ગંભીર બની ગયો છે કે, એનડીએના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ પણ શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે સાથે ફોન પર વાતચીત કરી છે અને ગુંચવણને દૂર કરવાના પ્રયાસ કર્યા છે. બીજી બાજુ ડેમેજ કન્ટ્રોલ



કવાયતના ભાગરુપે ભાજપના વરિષ્ઠ નેતાઓએ શિવસેના વડા ઉદ્ધવ ઠાકરે સાથે વાતચીત પણ કરી છે. ભાજપની ઝાટકણી કાઢતા ઉદ્ધવે કહ્યું છે કે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે તેના જોડાણ અંગે ભાજપે વલણ સ્પષ્ટ કરવું જોઈએ. ઉદ્ધવે કહ્યું છે કે, અમે ભાજપને ખુલાસો કરવા કહી રહ્યા છે. અહીં આ ચર્ચા કરનાર વ્યક્તિ કોણ છે. ઉદ્ધવે તેની ચૂંટણી વ્યૂહરચના સ્પષ્ટ કરવા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને પણ કહ્યું છે. ઉદ્ધવે કહ્યું છે કે, જો તમે કોઈની સામે ચૂંટણી લડવા ઈચ્છો છો અને ત્યારબાદ તેને ટેકો આપવા માંગો છો તે બાબત યોગ્ય દેખાતી નથી. એએપીના નેતા અરવિંદ કેજરીવાલ પણ આ પ્રકારનું વલણ અપનાવી રહ્યા છે. શિવસેનાના મુખપત્ર સામનામાં તંત્રી લેખ લખતા ઉદ્ધવે ભાજપ સાથે કોઈ તિરાડ હોવાનો ઈન્કાર કર્યો છે પરંતુ કહ્યું છે કે, કેટલીક ગૂંચવણ દૂર થાય તે જરૂરી છે. ભાજપ-શિવસેના ગઠબંધન સામે ઘણા પડકારો આવ્યા છે પરંતુ આમા આ ગઠબંધનની સ્થિતિ વધારે મજબૂત થઈ છે. ભાજપે પણ ગેરસમજને દૂર કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. ભાજપે સાફ શબ્દોમાં કહ્યું છે કે, શિવસેના સાથે સંબંધો વધુ મજબૂત કરવામાં આવશે. સામનાના તંત્રી લેખમાં જણાવવામાં આવ્યું છે કે, કોઈ વ્યક્તિ દ્વારા ગઠબંધનને તોડવાના પ્રયાસ થઈ રહ્યા છે. હિન્દુ મતમાં વિભાજન અને નુકસાન થાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ આ પ્રકારના પ્રયાસ સફળ રહેશે નહીં. સામનાએ નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે, મોદીની આજે દેશભરમાંથી તમામ વર્ગોનું સમર્થન મળી રહ્યું છે.

દરમિયાનમાં શિવસેના વડા ઉદ્ધવ ઠાકરેએ આજે શિવસેનાના ભવન ખાતે પક્ષના હોદ્દેદારો અને લોકસભા ઉમેદવારોની બેઠક યોજી હતી. મોદીને સમર્થન આપવાની હાલમાં એકપ્રકારની ઝુંબેશ ચાલી રહી છે. ઉદ્ધવે કહ્યું છે કે, હાલમાં મોદીને સમર્થન આપવાની ઝુંબેશ ચાલી રહી છે.

## આરજેડી લીડર રામકૃપાળ યાદવ રાજનાથને મળ્યા

નવી દિલ્હી,તા.૧૧

આરજેડીના બળવાખોર નેતા રામ કૃપાળ યાદવ આજે ભાજપ પ્રમુખ રાજનાથસિંહને મળ્યા હતા અને પોતાની રજૂઆતો કરી હતી. બિહારમાં પાટલીપુત્ર લોકસભા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરવા ઇચ્છુક રામ કૃપાળ યાદવ આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવની પુત્રી મિશા ભારતી સામે મેદાનમાં ઉતરવા ઇચ્છુક છે. યાદવે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતુંકે, તેઓ વિમાની મથકે રાજનાથસિંહને મળી ચુક્યા છે. મોડેથી આ બેઠકની વિગત અંગે માહિતી આપવાની પણ તેમણે જાહેરાત કરી હતી. પક્ષના સૂત્રોએ કહ્યું છે કે, રામ કૃપાળ યાદવ કોઇપણ સમયે ભાજપમાં જોડાઈ શકે છે. બીજી બાજુ ભાજપના ઉપપ્રમુખ મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, અપેક્ષાઓના આધાર પર કોઇપણ વાત કરવી યોગ્ય રહેશે નહીં. જ્યાં સુધી કોઇ વ્યક્તિ ભાજપમાં જોડાશે નહીં ત્યાં સુધી વાત કરવી યોગ્ય રહેશે નહીં. આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવના નજીકના રહી ચુકેલા રામ કૃપાળ યાદવ હાલમાં પક્ષથી નારાજ હતા. મિશાને પાટલીપુત્રમાંથી ટિકિટ મળી જતાં રામ કૃપાળ યાદવ નાખુશ દેખાઈ રહ્યા હતા.

## રેલવે લાંચ કેસમાં બંસલના ભત્રીજા સામે આરોપ ઘડાયા

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી કોર્ટે ૧૦ કરોડના રેલવે લાંચ કેસમાં ભૂતપૂર્વ રેલવે પ્રધાન પવનકુમાર બંસલના ભત્રીજા વિજય સિંઘલા સામે આરોપો ઘડ્યા હતા. બંસલે આ કેસ સપાટી ઉપર આવ્યા બાદ તેમના હોદ્દા પરથી રાજીનામુ આપ્યું હતું. તેમની પ્રતિષ્ઠાને મરણતોળ ફટકો પડ્યો હતો. અધિકારીઓ દ્વારા તેમની સામે પ્રશ્નો પણ કરવામાં આવ્યા હતા. છેલ્લી સુનાવણી દરમિયાન સીબીઆઈ જજ દ્વારા તમામ આરોપી લોકો સામે ભ્રષ્ટાચાર અટકાયત ધારાની જુદી જુદી જોગવાઈ હેઠળ અને આઈપીસીની કલમ ૧૨૦-બી હેઠળ આરોપો ઘડવાનો આદેશ કર્યો હતો. તત્કાલિન રેલવે બોર્ડના સભ્ય મહેશકુમાર સહિત તમામ આરોપીઓ સામે આરોપો ઘડવાનો આદેશ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ ૧૦ આરોપી સામે ગયા વર્ષે બીજી મેના દિવસે ચાર્જશીટ દાખલ કરી હતી. આ ૧૦ આરોપીઓમાં મહેશકુમાર, બેંગ્લોર સ્થિત જીજી ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર સિંઘલા, એનઆર મંજુનાથ, મધ્યસ્થી અજય ગર્ગ, સંદીપ ગોયલ, રાહુલ યાદવ, સમીરસંધીર, સુશીલ ડાગા, સીવી વેણુગોપાલ અને એમવી મુરલીકૃષ્ણનનો સમાવેશ થાય છે. તપાસ સંસ્થાએ આક્ષેપ કર્યો હતો કે, સિંઘલાએ મેમ્બર ઈલેક્ટ્રિકલના હોદ્દા માટે નિમણૂંક કરવા કુમાર પાસેથી ૧૦ કરોડ રૂપિયાની માંગ કરવામાં આવી હતી. નિમણૂંક પહેલા પાંચ કરોડ રૂપિયા ચુકવી દેવાની માંગ કરાઈ હતી.

**ક્લાઈમેટ ચેન્જના પ્રકોપની માઠી અસર થશે**

## બટાકા, ઘઉંના પાકને ભારે નુકસાન થવાની સંભાવના

નવી દિલ્હી,તા.૧૧

માર્ચ મહિનામાં હિમવર્ષા, પ્રતિકૂળ સંજોગ અને અન્ય કુદરતી બાબતોના પરિણામ સ્વરૂપે અર્થતંત્ર ઉપર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. મોન્સૂનની પૂર્ણાહૂતિના સમયે ભારે હિમવર્ષા, વરસાદના કારણે હાલત કફોડી બનેલી છે. દક્ષિણ ભારતના ઘણા વિસ્તારમાં વધી રહેલી ગરમીના પરિણામ સ્વરૂપે અર્થશાસ્ત્રીઓ ચિંતામાં ડુબેલા છે. ગયા વર્ષે દેશમાં આ તમામ બાબતો જોવા મળી હતી. ઉત્તર ભારતમાં હજુ વાતાવરણ ઠંડું છે જે સામાન્ય બાબત નથી. આનાથી બટાકા, સરસિયા અને ઘઉંના પાકને માઠી અસર થવાની દહેશત વધી ગઈ છે. પહેલા એમ માનવામાં આવી રહ્યું હતું કે રેકોર્ડ ઉત્પાદન થશે. ભારત ઉપર આ વર્ષે અલનીનોનો ખતરો પણ વધી ગયો છે. આમા પેસિફિક ઓસમમાં તાપમાન બદલવાથી વૈશ્વિક હવામાન ગતિમાં ફેરફાર થાય છે. આની અસર મોનસૂન ઉપર થાય છે. કારગિલ સરહદ ઉપર હિમવર્ષા, વરસાદ સામાન્યથી ૯૦ ટકા ઓછો રહ્યો છે. ગયા વર્ષે ગરમીમાં ઉત્તરાખંડમાં પૂરના કારણે ભારે નુકસાન થયું હતું. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં કાનપુરમાં વરસાદ સામાન્ય કરતા ૩૦૦ ટકા વધારે રહ્યો છે. ઈન્ટર ગવર્મેન્ટ પેનલ ઓનલાઈન ક્લાઈમેટ ચેઈઝના અધિકારીઓએ કહ્યું છે કે આ પ્રકારના મામલામાં સ્થિતિ નુકસાનકારક રહેશે. ભવિષ્યમાં આની તીવ્રતા પણ વધશે. સરકારે કહ્યું છે કે હવામાનમાં હાલમાં જે પરિવર્તન થઈ રહ્યા છે તે નેચરલ સાઈકલનો હિસ્સો છે પરંતુ ક્લાઈમેટ ચેઈઝના કારણે પ્રકોપ વધી ગયો છે. ભારતને આગામી દિવસોમાં નુકસાનનો સામનો કરવો પડી શકે છે. ભારતીય હવામાન વિભાગના ડિરેક્ટર (લોન્ગ રેન્જ ફોર કાસ્ટ) ડીએસ પાઈએ કહ્યું છે કે ઉત્તર પશ્ચિમ ભારતમાં વરસાદ જારી રહેશે અને એપ્રિલ-મે મહિનામાં ધીમે ધીમે તાપમાનમાં વધારો થશે.